# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/55 Dt. 08/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# MSMED (સુધારા) બિલ, 2026 સંસદમાં પસાર થતાં ચેમ્બર દ્વારા ભવ્ય સ્વાગત

## દક્ષિણ ગુજરાતના MSME ક્ષેત્ર માટે ઐતિહાસિક પગલું: સમયસર પેમેન્ટ અને કાયદાકીય સુધારાથી સુરતના ટેક્સટાઇલ અને ઔદ્યોગિક કેશ ફ્લો સાયકલમાં મોટો સુધારો થશે

### ગુજરાતના 48% MSMEs દક્ષિણ ગુજરાતમાં હોવાથી આ ઐતિહાસિક બિલની સીધી અને સકારાત્મક અસર ઉદ્યોગો પર પડશે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### TReDS પ્લેટફોર્મ, 90 દિવસમાં મિડિયેશન એવોર્ડ માટેના કડક નિયમોથી પેન્ડિંગ પેમેન્ટના વિવાદો ઉકેલાશે: રવિ રાજ દેસાઇ

### ચેમ્બર દ્વારા ટૂંક સમયમાં MSME ઉદ્યોગકારો માટે અવેરનેસ સેશન્સ અને મિડિયેશન સેન્ટર શરૂ કરવાની તૈયારી: પરેશ લાઠિયા-અતુલ પટેલ

સુરત, 08 ઓગસ્ટ 2026: સંસદના બંને ગૃહોમાં Micro, Small and Medium Enterprises Development (Amendment) Bill, 2026 પસાર કરવામાં આવ્યું તેનું ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ સુધારા બિલ રાજ્યસભા દ્વારા 03 ઓગસ્ટ 2026 અને લોકસભા દ્વારા 07 ઓગસ્ટ 2026ના રોજ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સમગ્ર દેશના તેમજ દક્ષિણ ગુજરાતના કરોડરજ્જુ સમાન MSME ક્ષેત્રને આર્થિક રીતે વધુ મજબૂત અને સુરક્ષિત બનાવવા બદલ ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓએ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય MSME મંત્રી તથા સંસદના બંને ગૃહોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ચેમ્બર દ્વારા સુધારેલી જોગવાઇઓ અંગે ઉદ્યોગકારોને જાગૃત કરવા ટૂંક સમયમાં અવેરનેસ સેશન્સ પણ યોજવામાં આવશે.

## દેશની બિઝનેસ ઇકોસિસ્ટમ પારદર્શક અને સ્પર્ધાત્મક બનશે: અશોક જીરાવાલા

આ ઐતિહાસિક કાયદાકીય સુધારાને આવકારતા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "MSMED (સુધારા) બિલ, 2026 સંસદમાં પસાર થવું એ આપણા MSME ક્ષેત્ર માટે વરદાન સમાન છે. MSME ક્ષેત્ર ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. ગુજરાતના કુલ MSME એકમોમાંથી અંદાજે 48% જેટલા એકમો દક્ષિણ ગુજરાતમાં આવેલા છે. સુરત અને સમગ્ર પ્રદેશનું ઔદ્યોગિક અર્થતંત્ર MSME આધારિત હોવાથી આ કાનૂની માળખું મજબૂત થવાથી દેશમાં પારદર્શક અને સ્પર્ધાત્મક બિઝનેસ ઇકોસિસ્ટમ ઊભી થશે. આ સુધારાના પરિણામે પેન્ડિંગ પેમેન્ટના વર્ષો જૂના દૂષણ પર કાયદાકીય લગામ લાગશે."

## સુરતના ટેક્સટાઇલ અને MSMEના વર્કિંગ કેપિટલને ગતિ મળશે: રવિ રાજ દેસાઈ

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈએ જણાવ્યું હતું કે, "સુધારેલા બિલમાં ડીલેડ પેમેન્ટ્સ પર નિયંત્રણ, TReDSને પ્રોત્સાહન અને વિવાદ નિવારણ માટે સમયમર્યાદા નક્કી કરાતા સુરતના ટેક્સટાઇલ સહિતના ઉદ્યોગોને મોટો લાભ થશે. સમયસર પેમેન્ટ મળવાથી ગ્રે ફેબ્રિક, ડાઇઝ, કેમિકલ્સ, પેકેજિંગ અને મજૂરી જેવા તમામ ખરીદ-વેચાણ ચક્રમાં નાણાકીય પ્રવાહિતા એટલે કે કેશ ફ્લો જળવાઈ રહેશે."

## ચેમ્બર મિડિયેશન સેન્ટર શરૂ કરશે: પરેશ લાઠિયા-અતુલ પટેલ

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા અને માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે ઉમેર્યું હતું કે, નવા બિલ મુજબ મિડિયેશન પ્રક્રિયા 90 દિવસમાં પૂર્ણ કરવાની જોગવાઈ છે. એક્ટ લાગુ થયા બાદ જો કાયદાકીય મંજૂરી મળશે તો ચેમ્બર ઓફ કોમર્સ પોતાના પ્લેટફોર્મ પરથી વિશેષ મિડિયેશન સેન્ટર કાર્યરત કરશે.

MSME કમિટીના ચેરમેન CA મનિષ બજરંગે ઉમેર્યું હતું કે, સમયસર ચુકવણી અને ઝડપી વિવાદ નિરાકરણથી સમગ્ર ટેક્સટાઇલ વેલ્યુ ચેઇન અને અન્ય ઇન્ડસ્ટ્રીઝમાં સુધારો જોવા મળશે.

## MSMED (સુધારા) બિલ, 2026ની મુખ્ય જોગવાઈઓ:

સુધારેલા કાયદામાં MSME ક્ષેત્ર માટે નીચેની મહત્વપૂર્ણ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે:

1. MSME ઇન્વોઈસ સેટલમેન્ટ માટે TReDS

- તમામ Central PSUs માટે MSMEના ઇન્વોઈસને RBI-authorised TReDS platform મારફતે રૂટ કરવાની જોગવાઈ.
- કેન્દ્ર અને રાજ્ય સરકારો અન્ય સૂચિત સંસ્થાઓ માટે પણ આ વ્યવસ્થા લાગુ કરી શકશે.

2. પેમેન્ટ વિવાદોના ઝડપી નિરાકરણ

- Mediation 90 દિવસમાં પૂર્ણ કરવાની જોગવાઈ.
- Mediation નિષ્ફળ જાય તો 30 દિવસમાં Arbitration શરૂ કરવાની જોગવાઈ.
- Pleadings પૂર્ણ થયા બાદ 90 દિવસમાં Arbitral Award આપવાની સમયમર્યાદા.
- Online Mediation અને Arbitrationની સુવિધા.

3. વધુ મજબૂત અમલવારી

- MSMEના Awards/Settlementsની રકમ Land Revenueના Arrears તરીકે વસૂલ કરી શકાશે.
- Awardsને IBC હેઠળ કાયદેસર રીતે અમલપાત્ર દેવા તરીકે માન્યતા.

4.. Awards સામે Appeal

- Buyer દ્વારા Award સામે Appeal કરવામાં આવે ત્યારે 75% Award Amount જમા કરાવવાની જોગવાઈ.
- Appeal 6 મહિનાથી વધુ પેન્ડિંગ રહે તો જમા કરાયેલી રકમમાંથી ઓછામાં ઓછા 50% MSME Supplierને રિલીઝ કરવાની જોગવાઈ.

5. Compliance Reporting

- PSUs અને સૂચિત સંસ્થાઓ દ્વારા MSMEના કેટલા invoices TReDS મારફતે રૂટ થયા અને કેટલા સેટલ થયા તેની માહિતી જાહેર/રિપોર્ટ કરવાની જોગવાઈ.
- આથી પેમેન્ટ સિસ્ટમમાં વધુ પારદર્શિતા અને જવાબદારી આવવાની અપેક્ષા.

6. નવી Adjudication Mechanism

- Development Commissionerને Adjudicating Officer તરીકે નિયુક્ત કરવાની જોગવાઈ.
- નિર્ણય સામે Appeal Secretary, Ministry of MSME સમક્ષ.
- Appealનો 60 દિવસમાં નિકાલ કરવાની જોગવાઈ.

અંતે, ચેમ્બર ઓફ કોમર્સ સરકાર અને સંસદ દ્વારા MSME ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે લેવામાં આવેલા આ મહત્વપૂર્ણ કાયદાકીય પગલાંનું હાર્દિક સ્વાગત કરે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત જેવા MSME આધારિત ઔદ્યોગિક પ્રદેશ માટે આ સુધારા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચેમ્બર આશા રાખે છે કે, સુધારેલા માળખાની ઝડપી, પારદર્શક અને અસરકારક અમલવારી થશે. જેથી MSMEને સમયસર પેમેન્ટ અને મજબૂત નાણાકીય પ્રવાહ મળશે, ઉદ્યોગોના વિકાસને ગતિ મળશે અને ભારતનો આર્થિક પાયો વધુ મજબૂત બનશે.